પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૪૧, કુલ પાના:૪, તારીખ: ૦૫-૦૬-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 241 PRICE :-RS. 1.50 DATE : 05-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# દેશના બે રાજ્યોમાં ૯૦ હજારથી વધુ બાળકો કોરોનાની ઝપટમાં

હૈદરાબાદ/મુંબઈ,

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર અત્યારે સંપૂર્ણ રીતે થંભી નથી, ત્યાં ત્રીજી લહેરની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્રીજી લહેરમાં બાળકો સૌથી વધારે સંક્રમિત થઈ શકે છે તેવું કહેવામાં આવી રહ્યું છે. કોરોનાના આંકડાઓ પર નજર દોડાવીએ તો બે રાજ્યોમાં જ ૯૦ હજારથી વધારે બાળકો કોરોનાની ઝપટમાં આવી ચુક્યા છે. આવામાં અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જો બે રાજ્યોની આ હાલત છે તો આખા દેશમાં શું હાલત થશે? આવામાં એ કહેવું ખોટું નહીં હોય કે દેશમાં ત્રીજી લહેરે પગપેસારો કરી દીધો છે.

રિપોર્ટ્સ પ્રમાણે કોરોનાના આંકડાઓને જોઈએ તો મહારાષ્ટ્રમાં દર વખતની માફક ત્રીજી લહેર પણ ખતરનાક સાબિત થઈ રહી છે. મહારાષ્ટ્રના અહમદનગરમાં ફક્ત મે મહિનામાં ૯ હજાર બાળકો કોરોના સંક્રમિત થઈ ચુક્યા છે. બાળકોમાં કોરોનાના વધતા કેસોએ હવે સ્વાસ્થ્ય વિભાગના પણ હોશ ઊડાવી દીધા છે. બાળકોમાં કોરોનાના વધતા કેસોને જોતા અત્યારથી તૈયારી ચાલી રહી છે. તો તેલંગાણામાં માર્ચથી મેની વચ્ચે ૩૭,૩૩૨ બાળકો કોરોનાની ઝપટમાં આવી ચુક્યા છે.



કોરોનાનો હુમલો નવજાત બાળકને લઈને ૧૯ વર્ષ સુધીના બાળકો પર થતો જોવા મળી રહ્યો છે. તેલંગાણા સ્વાસ્થ્ય વિભાગ પ્રમાણે જેટલી ઝડપથી બાળકો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે એ ચિંતાનો વિષય છે. ઉલ્લેખનીય છે કે કોરોનાની પહેલી લહેર દરમિયાન તેલંગાણામાં ૧૫ ઑગષ્ટથી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી ૧૯,૮૨૪ બાળકો સંક્રમિત થયા હતા. મધ્ય પ્રદેશની સ્થિતિ પણ અત્યારે ઘણી ખરાબ જોવા મળી રહી છે. મધ્ય પ્રદેશમાં કોરોનાની પહેલી અને બીજી લહેરની શરૂઆતથી અત્યાર સુધી ૫૪ હજાર બાળકો કોરોનાની ઝપટમાં આવી ચુક્યા છે.

રાજસ્થાનમાં પણ બાળકોમાં કોરોના સંક્રમણ જોવા મળી રહ્યું છે. ડૂંગરપુર જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસમાં ૫૧૨ કોવિડ-૧૯ સંક્રમિત થયા છે. રાજસ્થાન રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની અધ્યક્ષ સંગીતા બેનીવાલે જણાવ્યું કે, બાળકોના આ રીતે કોરોના પોઝિટિવ મળવાના મુદ્દાને ગંભીરતાથી લેવામાં આવી રહ્યું છે.

## ભારત-પાકિસ્તાન સરહદ પર BSFની સૌથી મોટી કાર્યવાહી, ૩૦૦ કરોડની હેરોઈન જપ્ત



ન્યુ દિલ્હી,

સીમા સુરક્ષા દળએ રાજસ્થાનના બીકાનેર જિલ્લામાં સ્થિત ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર માદક પદાર્થો વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરતા ૫૬ કિલો ૬૦૦ ગ્રામ હેરોઈન જપ્ત કરી છે. જપ્ત હેરોઈનની બજાર કિંમત ૩૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. બીએસએફે આ દરમિયાન પાકિસ્તાન તરફથી ભારતમાં ઘુષણખોરીનો પ્રયાસ કરી રહેલા શંકાસ્પદ તસ્કરોના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધા હતા. બીએસએફ તરફથી અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી ગણવામાં આવી રહી છે. તસ્કર સરહદ પારથી હેરોઈનની તસ્કરી એક પાઈપ દ્વારા કરી રહ્યા હતા. હેરોઈન પીસી પાઈપમાં નાખીને તારની બીજી તરફ ભારતીય સરહદમાં નાખવામાં આવી હતી. બીએસએફના જવાનોએ અડધી રાત્રે વાવાઝોડા વચ્ચે આ કાર્યવાહીને અંજામ આપ્યો હતો. પાકિસ્તાની તસ્કર ભાગવામાં સફળ થયા હતા. બીએસએફ ડીઆઈજી પુષ્પેન્દ્ર સિંહે જણાવ્યુ કે બીએસએફ પાસે પહેલા આ વિસ્તારનું ઈનપુટ હતું. જેની પર તમામ લોકો એલર્ટ હતા. બુધવારે અડધી રાત્રે ૨ વાગ્યે ખાજૂવાલાની બંદલી પોસ્ટ પાસે સરહદ પર બીએસએફની ૧૨૭ બટાલિયનના જવાનોને આભાસ થયો હતો કે સરહદ પર કઈક હરકત થઈ રહી છે. વાવાઝોડા વચ્ચે સરહદ પર થતી હરકતને જોનારા ઉપકરણોના સહયોગથી પાકિસ્તાની તસ્કરોને શોધી લીધા હતા. પાકિસ્તાન તસ્કર ભારતીય તસ્કરોના ઈશારા પર પાઈપની મદદથી હેરોઈનનેતારની નીચેથી ભારતીય સીમામાં ધકેલી રહ્યા હતા. જવાનોને તેનો અંદેશો થતા ફાયરિંગ કરી હતી તો પાકિસ્તાન અને ભારતના તસ્કર ફરાર થઈ ગયા હતા. હવે બીએસએફ સાથે અન્ય એજન્સીઓ આગળની તપાસ કરશે.

## સોમવારથી ખાનગી અને સરકારી ઓફિસો ૧૦૦ ટકા સ્ટાફ સાથે કામ કરશે

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર નબળી પડી છે અને કેસોમાં તીવ્રતાથી ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારનાં કામકાજમાં પણ વેગ આવે અને અટકી પડેલી ફાઈલોનો ફાસ્ટ્રેક મોડમાં નિકાલ કરવાના આદેશો કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય સચિવે ગાંધીનગર સચિવાલયના તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓને તાજેતરમાં જ આદેશ કર્યો હતો કે કોરોનાના કેસ ઓછા થઈ ગયા છે, જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યું છે, સરકાર પણ વિકાસ અને પ્રજાલક્ષી કામોના નિર્ણયોમાં આગળ વધી રહી છે, ત્યારે તમામ વિભાગોના અધિકારીઓ ઓફિસમાં બેસીને પેન્ડિંગ કામોનો નિકાલ કરે. રાજ્ય સરકારની બધી કચેરીઓ આવતીકાલ શનિવાર ૫ જૂન ના રોજ કાર્યરત એટલે કે ખુલ્લી રહેશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ નિર્ણયની જાહેરાત કરતા વધુમાં એવો નિર્ણય પણ કર્યો છે કે ૭ મી જૂનથી રાજ્ય સરકારની તમામ કચેરીઓ તેમજ ખાનગી ક્ષેત્રની ઓફિસો ૧૦૦ ટકા સ્ટાફની હાજરી સાથે રાબેતા મુજબ કામકાજ કરી શકશે. મુખ્ય સચિવે એવો પણ આદેશ કર્યો છે કે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નીતિવિષયક નિર્ણયો હેઠળ જો કોઈ સમસ્યા હોય અથવા તો પ્રશ્ન હોય તો એનો નિકાલ કરીને આગળ વધો. રાજ્યના તમામ અધિકારીઓએ પેન્ડિંગ ફાઈલોનો નિકાલ કરવાનો સમય આવી ગયો છે. રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકિમ વય નિવૃત્ત થયા બાદ તેમને પ્રથમ છ મહિના અને બીજા છ મહિના સુધીનું એક્સટેન્શન આપેલું છે. મુકિમ ઓગસ્ટ ૨૦૨૧માં નિવૃત્ત થવાના છે. એ પહેલાં તેમણે વિભાગોના ઉચ્ચ અધિકારીઓને આદેશ આપીને કહ્યું હતું કે



વિભાગની પડતર ફાઈલોનો ઝડપથી નિકાલ કરવો જોઈએ, જેથી અરજદારોને ઝડપી ન્યાય મળી શકે. સાબરમતી પર ૩૫ કિમી લાંબો રિવરફ્રન્ટ મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ દેશ અને દુનિયાના લોકો માટે જોવાલાયક સ્થળ બન્યો છે, ત્યારે હવે એનો બીજો તબક્કો પણ એટલો જ ઉત્કૃષ્ટ, પર્યાવરણપ્રિય બનશે. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે સમગ્ર અમદાવાદ શહેરની મધ્યમાંથી ૩૫ કિ.મી. લાંબો આ રિવરફ્રન્ટ નગરની શોભા બન્યો છે. વિજય રૂપાણીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના આ ફેઝ-૨ના પ્રથમ તબક્કા માટે ૧ લાખ ૩૦ હજાર ચોરસમીટર જમીન અમદાવાદમાં આર્મી-ડિફેન્સ કેન્ટોન્મેન્ટ બોર્ડે આપી છે, એ માટે ભારત સરકાર, રક્ષામંત્રાલય, સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને અમદાવાદના આર્મી કેન્ટોન્મેન્ટ બોર્ડનો આભાર વ્યકત કર્યો હતો. વિકાસનાં કામો માટે ૧૫૭૭૪ કરોડ રૂપિયાની ફાળવણી મુખ્યમંત્રી રૂપાણીએ સમગ્ર ગુજરાતનાં શહેરો-નગરોને પ્રાણવાન તેમજ આધુનિક સુવિધા સાથે માળખાકીય પાયાની સવલતોથી સજ્જ કરવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી છેલ્લાં ચાર વર્ષમાં એટલે કે ૨૦૧૬-૧૭થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં રૂ. ૧૫ હજાર ૭૮૩.૭૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

## NSUIએ લૉ વિભાગની ઓફલાઈન પરીક્ષાને લઈ વિરોધ કર્યો

અમદાવાદ,

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ રદ કરીને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. સરકારી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પણ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ઈન્ટરમીડિયેટ સ્તરે પ્રોગ્રેશન અપાયુંછે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૧૦ જૂનથી લૉ વિભાગની ઓફલાઈન પરીક્ષા શરૂ કરવામાં આવી રહી છે. કોરોનાકાળમાં ઓફલાઈન પરીક્ષાને લઈને એનએસયુઆઈ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દે એનએસયુઆઈ દ્વારા લૉ વિભાગના પ્રિન્સિપાલ અને ડીનના ઘરનો ઘેરાવ કરવાની ચીમકી આપવામાં આવી છે. નોંધનીય છે કે, હાલમાં જ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ રદ કરીને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુંછે. પરંતુ રીપીટર વિદ્યાર્થીઓ માટે કોઈ પણ નિર્ણય લેવામાં આવ્યો નથી. ત્યારે રીપીટર વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. અમદાવાદમાં કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠનના આગેવાનોએ પીપીઈ કીટ પહેરીને ડીઈઓ કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને આવેદનપત્ર આપ્યું હતું.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૦૮ કેસ પોઝિટિવ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૪૧ પોઝીટીવ કેસ નોંધાયા




**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૧
લુણાવાડા-૦૨
સંતરામપુર-૦૪
વિરપુર-૦૧

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૪૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૩ સ્ત્રી, ૦૬ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, લુણાવાડા તાલુકાની-૦૪ સ્ત્રી, ૧૧ પુરૂષ, સંતરામપુર તાલુકાની-૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૨૦૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૫૩૬૫૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૯૩ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૮ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૧૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૫૦ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૧ દર્દીઓ સ્ટેબલ, ૨૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## મહીસાગર જિલ્લામાં ૧૮ થી ૪૪ વય જુથના નાગરીકોને રસી આપવાનો પ્રારંભ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. ત્યારે સાવચેતી એજ સલામતીના મંત્ર સાથે રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ રસીકરણની ઝુંબેશને વેગવાન બનાવવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ વહીવટી તંત્ર દ્વારા કોરોના સામે બાથ ભીડવા માટે ૧૮ થી ૪૪ વર્ષની વયના યુવાનોને રસી આપવાની ઝુંબેશ ૪થી જુન થી શરૂ કરવામાં આવી છે. જેમા બાલાશિનોર તાલુકામાં ૦૩ સ્થળો, લુણાવાડા તાલુકા માં ૦૩ સ્થળો, સંતરામપુર તાલુકામાં ૦૩ સ્થળો,કડાણા તાલુકામાં ૦૨ સ્થળો, ખાનપુર તાલુકામાં ૦૨ સ્થળો અને વિરપુર તાલુકામાં ૦૨ સ્થળોએ આ કોવિડ-૧૯ રસીકરણ ઝુંબેશને વેગવાન બનાવવામાં આવી છે. જેમા આરોગ્ય ટીમ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષની વયના લોકોને કોરોના વેકિસનનું સુરક્ષા કવચ આપવામાં આવી રહયું છે.

અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા દ્વારા તેમના વિસ્તારના ૧૮ થી ૪૪ વર્ષની વયના ૨૦૦ જેટલા નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવેલ તેમાથી ૧૮૦ લાભાર્થીઓને કોરોના વેકસીન આપી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. ત્યારે ૧૮ થી ૪૪ વર્ષની વયના લાભાર્થીઓને એસ.કે. હાઈસ્કૂલ ખાતેના વેકશીનેશન કેમ્પમાં કોવિશીલ્ડ વેકસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વેકસીન લઈ અરવાબેન વ્હોરાએ કોરોના વેકસીન વિના મૂલ્યે આપવામાં આવતા સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોરોના વેકસીન સુરક્ષિત છે અને રસીકરણએ આપણા અને આપણા પરિવારના આરોગ્ય માટે જરૂરી છે. સરકારે કોરોના મહામારીથી લોકોને બચાવવા માટે વેકસીન આપવામાં આવી રહી છે. મને વેકસીન લીધા બાદ કોઈ પણ પ્રકારની આડઅસર થઈ નથી. હુસેન મઘવાસવાલાએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વેકસીન લેવાનો આગ્રહ રાખી સરકારના વેકસીન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. ત્યારે પોતે સુરક્ષિત થઈ પરીવારને પણ સુરક્ષિત કરવા અપીલ કરી હતી. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

કોરોના વેકસીન અભિયાનમાં આરોગ્ય વિભાગના આયુષ મેડીકલ ઓફિસર ડૉ.કલ્પેશ સુથાર, ડૉ.આકાંશા ચાવડા, ડૉ.સ્નેહલ વરસાત, આર.બી એસ કે ટીમ એમ.એચ.એલ.યુ.આર ૪૪૪, ફીમેલ હેલ્થ વર્કર પારૂલબેન વણકર, લતાબેન વસૈયા,નિકીતાબેન સુથાર, સહિતની આરોગ્ય ટીમે ફરજ બજાવી હતી. તમામ લાભાર્થીઓને મહત્ત્વ ના સંદેશા જેવા કે કોવીડ-૧૯ અનુરૂપ વ્યવહાર રસી લીધા બાદ પણ જાળવી રાખવા માટે સુચના આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૫-૦૬-૨૦૨૧, શનિવાર, વૈશાખ વદ-૧૦, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# સંતરામપુર ખાતે રૂા.૪.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેશનનું મુખ્યમંત્રીના વરદ હસ્તે ઈ-લોકાર્પણ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે ૨૦૮૫ ચોરસ મીટર વિસ્તારમાં રૂા. ૪.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત બસસ્ટેશનનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે અને વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફળદુ તેમજ સહકાર, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ( સ્વતંત્ર હવાલો) વાહન વ્યવહાર રાજયકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સંતરામપુર ખાતે નવનિર્મિત સુવિધાયુકત બસ સ્ટેશનને રીબીન કાપી ખુલ્લુ મુકતા સહકાર, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વાહન વ્યવહાર રાજય કક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, નવિન સંતરામપુર બસ સ્ટેશનથી દૈનિક ૬૦૦ ટ્રીપોના સંચાલન સાથે ૧૦,૦૦૦ પ્રવાસીઓને લાભ મળશે. બસ સ્ટેશનમાં બેઠક વ્યવસ્થા, કેન્ટીન, પાર્સલ રૂમ, વોટર રૂમ, વેઈટીંગ રૂમ, શૌચાલય, વિવિધ સ્ટોલ સહિત અનેક સગવડોથી સજ્જ નવનિર્મિત બસ સ્ટેશન સંતરામપુર નગર, તાલુકા સહિત અન્ય વિસ્તારના યાત્રિકો માટે આશીર્વાદરૂપ નિવડશે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે એસ.ટી.વિભાગ નફો નુક્સાનનો વિચાર કર્યા વગર છેવાડાના માનવી માટે અવર જવર માટે કડીરૂપ બન્યું છે. લાખો વિદ્યાર્થીઓના અભ્યાસ માટે, લગ્ન પ્રસંગોમાં લોકોની સુવિધા સમય સાચવીને ખર્ચ બચાવીને ઉત્તમ પરિવહન સેવા બની રહેશે છે. આધુનિક બસ સ્ટેશનોના માધ્યમથી ગુજરાત નવા મોડલ તરિકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે.

આ પ્રસંગે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વઓ કુબેરભાઈ ડિંડોર, જીગ્નેશભાઈ સેવક, નિમિષાબેન સુથાર, જિલ્લા કલેકટર આર.બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી,અગ્રણી દશરથભાઈ બારિયા, રાવજીભાઈ પટેલ, પ્રદીપસિંહ રાઠોડ સંતરામપુર પાલિકા પ્રમુખ સુનિતાબેન, ગોધરા એસ.ટી.વિભાગના નિયામક બી.આર. ડિંડોર સહિત પદાધિકારીઓ અધિકારીઓ, એસટી વિભાગના અધિકારી-કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માહિતી નિયામકની કચેરીની વિવિધ સંવર્ગની ભરતી માટે પ્રિલિમિનરી પરીક્ષા ૨૭,જુન,૨૦૨૧ના રોજ યોજાશે

લુણાવાડા, માહિતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક, વર્ગ-૧, સહાયક માહિતી નિયામક(સંપાદન) વર્ગ-૨ની જાહેરાત ક્રમાંક:૨/૨૦૨૦-૨૧ અને સિનિયર સબ એડિટર(વર્ગ-૩) તથા માહિતી મદદનીશ, વર્ગ-૩ની જાહેરાત ક્રમાંકઃ ૧/૨૦૨૦-૨૧ અન્વયે નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ અને સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨ ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૨૭, જૂન, ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

સિનિયર સબ એડિટર, વર્ગ-૩ તથા માહિતી મદદનીશ, વર્ગ-૩ ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૨૭, જૂન, ૨૦૨૧ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે યોજાશે, જેની નોંધ લેવા સંબંધિત તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો માટે માહિતી નિયામક કચેરીની વેબસાઈટ જોવા સૂચન છે.પરીક્ષાના સ્થળ તથા કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની સૂચનાઓ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી
## GPCBની પ્રાદેશિક કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે

ગોધરા, આવતીકાલે તા ૫ જૂન, ૨૦૨૧ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.આ વર્ષના પર્યાવરણ દિનની થીમ ઈકોસિસ્ટમ રીસ્ટોરેશન પર છે. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનીગોધરા પ્રાદેશિક કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જે અંતર્ગત પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લાઓમાં જીપીસીબી (ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ) દ્વારા નગરપાલિકાઓ, વિવિધ ઉદ્યોગ ગૃહો અને અન્ય સંસ્થાઓના સહયોગથી ૫ જૂન, ૨૦૨૧ થી ૫ જુલાઈ, ૨૦૨૧ દરમિયાન એક લાખથી વધુ તુલસીના છોડની રોપણી અને વિતરણ કરવામાં આવશે. જે માટે સામાજિક વનીકરણ, વન વિભાગ દ્વારા તુલસીના રોપા વિના મૂલ્યેઆપવામાં આવશે. જીપીસીબીની પ્રાદેશિક કચેરીખાતે પણ તુલસીના૧૦૮ રોપા વાવવામાં આવશે.વિશ્વ પર્યાવરણ દિન નિમિતે જિલ્લાના મુખ્ય મથકની કોવીડ હોસ્પિટલ ખાતે અને અન્ય કોવીડકેર સેન્ટર ખાતે વનવિભાગ અને જીપીસીબીના સંયુકત ઉપક્રમે કોરોના વોરીયર્સ ડોકટર્સ અનેપેરા મેડીકલ સ્ટાફના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે.આ ઉપરાંત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણબોર્ડ દ્વારા ઓનલાઈન કવીઝ અને નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણનાવિવિધ વિષયો પરની નિબંધ સ્પર્ધા અંગ્રેજી અને ગુજરાતીમાં શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ અને અન્ય નાગરીકો માટે રાખવામાં આવેલ છે. જેની વિગતો જીપીસીબીની વેબસાઈટ gpcb.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૦૫/૦૬/૨૦૨૧ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. આ વેબિનારનો શુભારંભ મુખ્યમંત્રી, ગુજરાત રાજયના સંબોધનથી થનાર છે. આ વેબિનારના જોડાવાં માંગતા નાગરિકો બોર્ડની વેબસાઈટ www.gpcb.gujarat.gov.in પરથી તે અંગેની વિગતો મેળવી શકશે તેમ એસ.એમ. વૈજનાપુરકરપ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગોધરાએ જણાવ્યું છે.

## શહેરા તાલુકાના બિલિથા ગામે માસીયાઈ ભાઈ-બહેનના આડા સબંધની શંકાએ પતિએ પત્ની હત્યા કરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના બિલિથા ગામે માસીયાઈ ભાઈ-બહેનના આડા સબંધની શંકાએ પતિએ પત્નીને તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી હતી.

પોલીસ દ્વારા ઘટનાની જાણ થતાં કાયદેસરની કાર્યવાહી હાથધરી હત્યારા આરોપી પતિને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

બનાવની પોલીસ પ્રાપ્ત વિગત અનુસાર શહેરા તાલુકાના બિલીથા ગામના હડકાયા માતાના મુવાડા ફળિયામાં રહેતા રતિલાલ વાઘરી અને તેઓના સાડુ ભાઈ આજથી એક માસ અગાઉ બાધા અર્થે લાડવેલ ગામે ગયા હતા. ત્યાંથી પરત ફરતા મૃતકની બહેનો દીકરો પોતાની જ માસીયાઈ બહેન સામે ટગર ટગર જોઈ ઈશારો કરતા મૃતકના પતિએ જોઈ લેતા તેઓ વચ્ચે ખટરાગ ઉભો થયો હતો અને તેઓ ખટરાગના કારણે રસ્તા વચ્ચે જ ઉતરી ગયા હતા. આ તરફ મૃતકના પતિ અને આરોપી રતિલાલ વાઘરીએ ઘરે જઈને પોતાની સાળીને કહ્યું કે, મારી દીકરી પિન્કીને કેમ બદનામ કરો તેમ કહી બિભત્સ ગાળો બોલવા માંડ્યા હતા. ઘટનાના પાંચ દિવસ પહેલાં પોતાના સાડાની હાજરીમાં આરોપીની સાળી દ્વારા પોતાની પુત્રીને બદનામ કરવામાં આવતી હોય પંચ ભેગુ કરવાનું કહેતા હત્યારા આરોપી રતિલાલની પત્ની એ સમાજમાં પોતાની બદનામી થશે તે આશયથી પંચ ભેગુ નહી કરવાની સલાહ આપી હતી.આવી વાત કરતા આરોપી પોતાની પત્ની પર ગુસ્સો થઈ ગયો હતો. પરંતુ તેને સમજાવી શાંત પાડવામાં આવ્યો હતો. ગુરૂવારના રોજ હત્યાના આરોપી એ સમાજનું પંચ ખેડા જિલ્લાના સેવાલિયા મુકામે રાખેલ હતું. જેમાં ક્થીત માસિયાઈ ભાઈ સાથેના પ્રેમ પ્રકરણના કારણે હત્યારા આરોપીના સાળી, તેનો પતિ અને પુત્ર પંચમાં આવેલ નહી. આ વાતનો મનમાં રોષ રાખી શુક્રવારના રોજ હત્યારા આરોપીની પત્ની નંદાબેન સવારના નવ વાગ્યાના અરસામા કુદરતી હાજતે જતા પંચમાં વાતનો ઉકેલ ના આવતા તે વાતની રિસ રાખી આરોપી પાછળ પાછળ જઈને કોઈ તિક્ષ્ણ હથિયાર ગળામાં મારતા સ્થળ પર જ તેઓનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ઘટનાની પોલીસને જાણ થતા શહેરા પીઆઈ એચ.સી.રાઠવા તેમજ અન્ય પોલીસ કર્મીઓ ઘટના સ્થળે પહોંચી જઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મૃતદેહનો પંચનામું કરી શહેરા સરકારી દવાખાના ખાતે પી.એમ અર્થે મોકલી દેવામાં આવ્યો હતો. હાલ તબક્કે હત્યાનો આરોપી રતિલાલ વાઘરી ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયો છે અને પોલીસની વિવિધ ટીમો દ્વારા તેને પકડવા માટેના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે.

## દૈનિક રાશીફળ

**તા.૦૫.૦૬.૨૦૨૧ શનિવાર**

મેષ (અ.લ.ઈ.):- આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

મિથુન(ક.છ.ઘ.):- લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે.

કર્ક(ડ.હ.):- સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

સિંહ(મ.ટ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.

કન્યા(પ.ઠ.ણ.):- તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે.

તુલા(ર.ત.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

વૃશ્ચિક(ન.ય.):- તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

મકર(ખ.જ.):- ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

કુંભ(ગ.શ.સ.):- ઝળહળતો અને [redacted]થી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ [redacted] આકાર લેશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ [redacted] સ્થિતિ સુધરશે. પારિવારિક મોરચો ખુશખુશાલ [redacted] લાગતો.

મીન(દ.ચ.ઝ.):- ભાર તથા [redacted] ધરાવતો ખોરાક ટાળો. આજે તમે સારૂં એવું ધન [redacted] તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. પરિવાર[redacted] અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# સ્માર્ટ સીટીમાં સામેલ દાહોદના વોર્ડ નં.૪માં પાણીના કકળાટને લઈ સ્થાનિકોમાં રોષ

દાહોદ,

દાહોદ શહેરને સ્માર્ટ સીટીમાં સામેલ કર્યા બાદ દાહોદમાં ઠેર–ઠેર સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ કામ ચાલી રહ્યા છે. કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી સ્માર્ટ સિટી યોજના અંતર્ગત દેશભરમાંથી એકમાત્ર દાહોદ નગરપાલિકાને સામેલ કર્યા બાદ લોકોમાં અપાર આનંદ છવાયો હતો. સ્માર્ટ સિટીમાં વિવિધ સુવિધાઓ તેમજ નગરવાસીઓને સુખાકારીને ધ્યાનમાં લઇ સરકાર દ્વારા ઉત્તમ માપદંડોની સાથે અધતન સ્માર્ટ સિટી બનશે તેવી લોકોએ મનોમન ધારણા કરી હતી. પરંતુ દાહોદ વાસીઓની આ કલ્પના માત્ર એક દુસ્વપન સમાન બની ને રહી જવા પામેલ છે. દાહોદ શહેરને પાણી પુરૂ પાડવા કરોડો રૂપિયાના ખર્ચે કડાણાની પાઈપ લાઈન નાંખવામાં આવી છે. તેમજ હાપેશ્વર થી નર્મદાનું પાણી દાહોદ લાવવાની ઘડીઓ ગણાઇ રહી છે. તેમ છતાંય દાહોદ શહેરના વોર્ડ નંબર–૪ ના લોકો ભર ઉનાળે પાણીના કકળાટ સામે પોતાનો રોષ ઠાલવી રહ્યા છે.આજે પાલિકાના વ્યક્તિઓ સામે આ વિસ્તારના લોકો આખું રૂપ ધારણ કરી ભારે રોષ પ્રગટ કરતા નગરપાલિકાના કર્મચારીઓ પણ એક તબક્કે મૂંઝવણમાં મુકાઇ ગયા હતા.

દીવા તળે અંધારૂ ઉક્તિને સાર્થક કરતી વોર્ડ નંબર ૪ એટલે દાહોદ નગરપાલિકાની મહિલા પ્રમુખ રીનાબેન પંચાલના મત વિસ્તારમાં આવેલ છે. નગરપાલિકા પ્રમુખ પોતે એક મહિલા છે.ત્યારે તેમના વોર્ડની જનતા જો પાણીના સંકટ સામે ઝઝૂમી રહી હોય તો દાહોદ શહેરના અન્ય વોર્ડની પરિસ્થિતિ કેવી હશે તે તો કલ્પના બહારનું છે. સ્થાનિકોના આક્ષેપ અનુસાર પાણીના ઓછા પ્રેશર તેમજ અનિયમિતતા,ઘરની સાફ–સફાઈનો અભાવ, તેમજ ડોર ટુ ડોર કચરા કલેકશનની જે તે અધિકારીઓ, સુધરાઈ સભ્યો તેમજ પાલિકા પ્રમુખ સહિત ચીફ ઓફિસરને વારંવાર મૌખિક ફરિયાદો કર્યા બાદ કોઈ પરિણામ ન આવતાં ઉપરોક્ત સમસ્યાઓને લઈ નગરપાલિકા પ્રમુખ, તેમજ ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કર્યા બાદ પણ પરિણામ શૂન્ય આવતા આખરે પોતાના વોર્ડના સુધરાઈ સભ્ય તુલસીભાઈ જેઠવાણીને રજૂઆત કરતાં તેઓએ બેફિકરાઈ પૂર્વક નગરપાલિકાના સત્તાધીશો જાડી ચામડીના છે. તમારે જેને રજૂઆત કરવી હોય તો કરો, મારૂ કોઈ સાંભળતું નથી, મારાથી કશું ના થાય તેમ જણાવતા સૌ કોઈ સ્તબ્ધ થઇ ગયા હતા. પાણીના કકળાટ ને લઈને ઝઝૂમી રહેલી આ વિસ્તારની પ્રજા આખરે ફરિયાદ કોને કરે તે યક્ષ પ્રશ્ન બનવા પામ્યો છે ? ત્યારે નગરપાલિકા પ્રમુખ તેમજ અન્ય સુધરાઈ સભ્યો પાણીના કકળાટ સહિતની સમસ્યાઓનો સબંધી ફરિયાદ ફરિયાદોને ગંભીરતાથી લઇ પોતાના વોર્ડની જનતાના હિતોને ધ્યાનમાં રાખી ઉદ્ભવેલી સમસ્યાનું ત્વરિત સમાધાન કરે તેવી લાગણી તેમજ માંગણી આ વિસ્તારના લોકોમાં ઉઠવા પામી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૫ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ માત્ર ૦૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયાં છે. આજે પણ કોરોનાથી મૃત્યુઆંક શુન્ય નોંધાયો છે. જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૦૧ને પાર થઈ ગયો છે.

આર.ટી.પી.સી.આર.ના ૧૯૯૪ પૈકી ૦૪ અને રેપીટ ટેસ્ટના ૬૩૧ પૈકી ૦૧ મળી આજે ૦૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૦૩ પૈકી દાહોદ ગ્રામ્યમાંથી ૦૨ અને ફતેપુરામાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે દાહોદ શહેર વિસ્તારમાંથી એક પણ કોરોનાનો કેસ સામે ન આવતાં દાહોદ શહેરવાસીઓએ રાહત અનુભવી હતી. આજે વધુ ૧૮ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ઘટતાં કોરોના કેસ અને સાજા થતાં દર્દીઓને લઈ એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં માત્ર ૭૭ કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી અત્યાર સુધી ૩૩૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યાં છે.

| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
| --- |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૦૨ |
| ફતેપુરા-૦૧ |

# સંજેલી તાલુકા પંચાયતમાં TDOની અધ્યક્ષતામાં ગ્રામજનો સાથે બેઠક યોજાઈ


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીમાં ઠેરઠેર ગંદકી દબાણના દ્રશ્યોથી ચોંકી ઉઠેલા ટીડીઓએ યુધ્ધના ધોરણે ગ્રામજનો, વેપારી, સરપંચ, તલાટી સાથે રાખી તાલુકા પંચાયત સભાખંડમાં તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષસ્થાને બેઠક યોજી હતી. નગરમાં ગંદકી ગટર પાણી રસ્તા સહિતની ઉપસ્થિત લોકોના સમસ્યા અંગેના પ્રશ્નો સાંભળ્યા. તેમજ પોલીસ તંત્ર દ્વારા ટાર્ગેટના ચક્કરમાં બાઈક ચાલકોને દંડતા ધંધા રોજગાર પર માઠી અસરને લઈ પ્રમુખ દ્વારા રજુઆત કરાઈ.

સંજેલી તાલુકા વિકાસ અધિકારીએ ચાર્જ સંભાળતા જ સંજેલી બજારમાંથી પસાર થતાં દબાણના કારણે ટ્રાફિક દ્રશ્યોમાં ફસાયાં હતા અને મુખ્ય માર્ગ સહિત વિસ્તારોમાં ગંદકીને લઈ ચોંકી ઊઠ્યાં હતાં. આવી ગંદકી ક્યાંય પણ જોઈ નથી. ઠેર ઠેર ગંદકીથી મચ્છરના કારણે કોલેરા મેલેરિયા ટાઈફોડ જેવા રોગચાળો ફાટે તે પહેલા પાળ બાંધવામાં આવે તેમજ નગરમાં થયેલા દબાણથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. જે પણ દૂર કરવાના સહિયારૂ આયોજન કરવા માટે સંજેલી તાલુકા પંચાયતના ૪ જૂનને શુક્રવારના રોજ તાલુકા વિકાસ અધિકારી હરેશભાઇ મકવાણાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં સંજેલી મામલતદાર પી.આઈ. પટેલ, THO એમ.એ.આલમ, ટીડીઓ ભુરીયા ઉપસ્થિત રહ્યાં હતા. ગ્રામજનો, વેપારીઓ અને સરપંચ તલાટી સાથે સંજેલી નગરમાં થયેલી ઠેર ઠેર ગંદકી દબાણો ગટરોને લઇ બેઠક યોજાઈ હતી. ઊપસ્થિત ગ્રામજનોએ પંચાયત તંત્ર ખાડે ગયું હોય તેમ ધારદાર રજુઆત કરવામાં આવી હતી. પુષ્પ સાગર કિનારે વીર શહીદો માટે બનાવેલ વાડીમાં વૃક્ષારોપણમાં પણ કચરાંના ઢગલા નગરના મુખ્ય માર્ગ સહિત ફળીયાના માર્ગો પર ગંદકીઓ અને ગટરના પાણી રોડ પર પંચાયત દ્વારા ડોર ટુ ડોર કચરા માટે કરતું વાહન ડિસલેરી તેમજ ચામડીયા ફળિયામાં ક્યારેય પણ આવતું નથી. ગટરોમાં સાફસફાઇ તેમજ ખુલ્લી ગટરોના ઢાંકણાનો અભાવ વોટર વર્કસની મુખ્ય પાઇપલાઇનમાંથી ડાયરેક લગાવેલ અને ભૂતિયા કનેકશનો દુર કરી રેગ્યુલર પાણી આપવા તેમજ નવા નળ કનેકશનો આપવા સહિતની રજુઆતો કરવામાં આવી હતી. વેપારી એસોસિએશનના પ્રમુખ ડિમ્પલ દેસાઈ દ્વારા પોલીસ તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાંથી રોજીરોટીનું પેટિયું રળવા કે અનાજ કરિયાણા માટે બાઈક લઈને આવતા લોકોને ચક્કરમાં ટાર્ગેટ બનાવી દંડવામાં આવે છે. જેના કારણે વેપારીઓને ધંધા રોજગાર પર માઠી અસર પડે છે.

હાલ ચાલી રહેલા કોરોના મહામારીમાં કેટલાય લોકો બેરોજગાર બન્યા છે. બીજી તરફ અંતરિયાળ વિસ્તારોમાં ચાલતા પેસેન્જર વાહનો પણ અવરજવર ન થતા જેથી એક બીજાની બાઈક પર બેસી ચાલકો માંડ માંડ પોતાના પરિવારને રોજીરોટીની શોધમાં કે ધંધો વેપાર કરવા માટે નીકળતા હોય છે, પરંતુ સંજેલીમાં પોલીસ તંત્ર દ્વારા બાઈકોને એનકેન પ્રકારે ટાર્ગેટ કરતાં બાઈક ચાલકોમાં નારાજગી જેથી આવા બાઈકચાલકો અન્ય તાલુકાઓમાં વેપાર ધંધા માટે ઉમટી પડતાં સંજેલી નગરમાં વેપાર ધંધા ઉપર માઠી અસર ને લઈ આજે યોજાયેલી યોજાયેલી બેઠકમાં રજુઆત કરવામાં આવી હતી.

# લીમડી બસ સ્ટેશનનું ઈ-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી


તસ્વીર : શૈલેષ ભુરીયા

દાહોદ,

દાહોદના લીમડી ખાતે રૂ. ૨.૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા અદ્યતન સુવિધાઓ સાથેનાં નવીન બસસ્ટેશનનું મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજ રોજ ઇ–લોકાર્પણ કર્યું છે. આ પ્રસંગે રાજયકક્ષાના મંત્રી બચુભાઇ ખાબડ લીમડી ખાતે ઉપસ્થિત રહીને કાર્યક્રમમાં જોડાયા હતા.

મંત્રી ખાબડે આ અવસરે જણાવ્યું કે, કોરોનાના કપરાકાળમાં પણ એસટી વિભાગ અવિરત લોકસેવા આપી રહ્યું છે. રાજય સરકાર હરહંમેશ છેવાડાના માનવીને લક્ષમાં રાખીને વિકાસ કાર્યો કરે છે ત્યારે આજ રોજ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ઇ–લોકાર્પિત કરેલા દાહોદના લીમડી ખાતે નવનિર્મિત બસસ્ટેશનથી અહીંના મુસાફરો માટે મોટી સુવિધા ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ માટે અહીં રાહતદરના પાસ ઉપલબ્ધ છે જે તેમને અભ્યાસમાં આગળ વધવા સહાયરૂપ બનશે. મુસાફર પાસ, રિઝર્વેશન ટિકિટ આવશે. અન્ય જિલ્લામાંથી બસના કનેકશન વધવાથી મુસાફરોને લાભ મળશે. લીમડીથી ગુજરાતના કોઈ પણ સ્થળે પાર્સલ મોકલવાની કે મેળવવાની સુવિધા મળશે. આમ લીમડીના વિકાસમાં આ બસસ્ટેશને નવું આયામ ઉમેર્યું છે.

ગોધરા એસ.ટી. વિભાગ દ્વારા આરસીસી ફ્રેમ સ્ટ્રક્ચર સાથેનું લીમડી ખાતે ૨.૧૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા નવિન બસસ્ટેશને તો કુલ ૯૦૯૦ ચો.મી. માં ઊભા કરાયેલા આ બસ સ્ટેશનમાં પાંચ પ્લેટફોર્મ છે અને બાંધકામ વિસ્તાર ૫૭૫.૧૫ ચો.મી. છે. જયારે અહીં મુસાફરો માટે વેઇટીંગ રૂમ, પાણીની પરબ, ઈન્કવાયરી અને પાસ સુવિધા, ટ્રાફિક સ્ટાફ માટે ઓફિસ સુવિધા, પાર્સલ રૂમ, કેન્ટીન–કીચન, સ્ટોલ, ડ્રાઈવર–કન્ડક્ટર રૂમ, સ્ટોર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ અને એક આધુનિક સુવિધા સાથેનું શૌચાલય બનાવવામાં આવ્યું છે.

મંત્રી બચુભાઇ ખાબડે ત્યાર બાદ લીમડી ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી અને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓનું નિરિક્ષણ કર્યું હતું. આજથી ૧૮ વર્ષથી ઉપરના યુવાનોને કોરોનાની વેક્સિન આપવાની કામગીરીની દાહોદ જિલ્લામાં શરૂઆત થઈ હોય આરોગ્ય કેન્દ્ર ખાતે રસીકરણ માટે આવેલા યુવાનોને તેમણે પ્રોત્સાહિત કર્યા હતા અને અન્ય યુવાનોને પણ રસીકરણ માટે જાગૃત કરવા જણાવ્યું હતું. તેમણે આરોગ્ય કેન્દ્ર ખાતે રસીકરણની થઇ રહેલી કામગીરીની પણ ચકાસણી કરી હતી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના વર્ગ–૪ ના કર્મચારીઓને રાશનકીટનું પણ વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલ વાઘેલા, કલેક્ટર વિજય ખરાડી, ગોધરા એસટી વિભાગના અધિકારી ડિંડોર, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દે.બારીઆના અંતેલા ગામના પ્રેમી પંખીડાએ ગામના અલગ-અલગ કુવામાં પડતુ મૂકી મોતને વ્હાલું કર્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના અંતેલા ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં એક પ્રેમી પંખીડાએ ગામમાં આવેલ બે અલગ અળગ કુવામાં મોતની છલાંગ લાવી મોતને વ્હાલુ કરતાં બંન્ને પરિવારોમાં માતમ છવાઈ ગયો હતો. અહીં ચોંકાવનારી માહિતી એવી મળી છે કે, યુવતીએ એક દિવસ પહેલાં કુવામાં ભુસકો માર્યો જ્યારે યુવકે તેના બીજા દિવસે તેજ કુવામાં મોતની છલાંગ લગાવી હતી. વધુમાં જાણવા મળ્યા અનુસાર, યુવક અને યુવતી વચ્ચે ઘણા લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો પરંતુ એકજ ગામના હોવાના કારણે લગ્ન થઈ શકે તેમ ન હોવાને કારણે અને અગાઉ આ મામલે પંચ ભેગુ કરી મામલાનું સમાધાન પણ કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ યુવતીના લગ્ન અન્ય જગ્યાએ કરી દેવામાં આવ્યાં હતાં પરંતુ ક્યાંકને ક્યાંક યુવક અને યુવતી વચ્ચે ત્યાર બાદ પણ પોતાનો પ્રેમ ભુલાયો ન હોવાને કારણે અને એકબીજા વગર રહી ન શકવાના કારણે છેલ્લો રસ્તો મોતનો હોવાનું વિચારી યુવક, યુવતીએ મોત વ્હાલુ કર્યું હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

ગત તા.૦૩ જુનના રોજ અંતેલા ગામે માળ ફળિયામાં રહેતાં મનહરભાઈ વાલસીંગભાઈ પટેલ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે આપવામાં આવેલ જાહેરાત મુજબ, પોતાને સંતાનમાં એક છોકરો અને બે છોકરીઓ છે. જેમાં ૧૯ વર્ષીય મનીષાના લગ્ન ગઈ દિવાળીના આસપાસ ઉસરા ગામના એક યુવક સાથે સમાજના રિતી રિવાજ મુજબ કરવામાં આવ્યાં હતાં. ગત તા.૦૨ જુનના રોજ તેઓની દિકરી મનિષાબેન પોતાના પિયરમાં હતી. તે સમયે રાત્રીના સમયે ઘરમાંથી એકલી બહાર નીકળી કાછલીયા ફળિયામાં આવેલ એક કુવામાં પડી ગઈ હોવાનું તેઓ માલુમ પડતાં અને આ ઘટનાની જાણ પરિવારજનોને થતાં તેઓ તાબડતોડ કુવા તરફ દોડી ગયાં હતાં અને પોલીસને પણ જાણ કરતાં પોલીસ પણ પહોંચી હતી. કુવામાંથી મૃતક મનીષાબેનની લાશ બહાર કાઢી નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવી હતી.

જ્યારે સામાપક્ષેથી યુવકના પિતા સુબકસિંગ રામસીંગભાઈ પટેલ (રહે.અંતેલા, માળુ ફળિયું, દેવગઢ બારીઆ, જિ.દાહોદ) દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે આપવામાં આવે જાહેરાત પ્રમાણે, તેઓને સંતાનમાં બે છોકરા અને એક છોકરી છે. જેમાં ૧૯ વર્ષીય જગદીશભાઈ પણ હતો. ગત તા.૦૩ જુનના રોજ સબુકસિંગ તથા તેમનો પરિવાર ઘરમાં જમી પરવારી ઉંઘી રહ્યો હતો તે સમયે ફળિયામાં રહેતાં કેટલાંક લોકો મોડી રાત્રે સુબકસિંગના ઘરે આવ્યાં હતાં અને મનીષાબેનની લાશ કુવામાંથી મળી આવી છે તો તમારો છોકરો ઘરે છે કે નહીં? તે જુઓ, તેમ પુછતાં સુબકસિંગ તથા તેમના પરિવારજનોએ ઘરમાં જગદીશભાઈની શોધખોળ આદરી હતી પરંતુ તે મળી આવ્યો ન હતો અને ત્યારે ચણોઠા ફળિયામાં આવેલ કુવા તરફ તપાસ કરતાં જગદીશની લાશ કુવામાં મળી આવતાં ખળભળાટ મચી જવા પામી હતી.

સ્થાનીકો પાસેથી જાણવા મળ્યાં અનુસાર, ઉપરોક્ત યુવક અને યુવતી વચ્ચે ઘણા લાંબા સમયથી પ્રેમસંબંધ હતો પરંતુ એકજ ગામના હોવાને કારણે લગ્ન શક્ય ન હતાં. ગ્રામજનો અને પરિવારજનો સમંત ન હોવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે બીજી તરફ યુવતીના લગ્ન ગઈ દિવાળીના સમયગાળા દરમ્યાન કરી દેવામાં આવ્યાં હતાં પરંતુ ત્યાર બાદ પણ યુવક, યુવતી વચ્ચે પ્રેમ સંબંધ યથાવત્ત રહ્યો હતો અને એકબીજાથી અલગ થઈ જવાના દુઃખ સહન ન કરી શકવાને કારણે આ પગલું ઉઠાવ્યું હોવાનું પણ ભારે ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## દે.બારીયામાં વરસાદ આવતાં પહેલા પ્રિમોન્સુનની કામગીરી થશે ખરી ??


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકા દ્વારા દર વર્ષના મોન્સુનના આવતા પહેલા તમામ મોન્સુનની કામગીરી જેવા વરસાદી કાંસો, ગંદાપાણીની કાંસો તેમ માન સરોવરમાં આવતું પાણીની કેનાલોની સાફસફાઈ કરવામાં આવતી હોય છે. પાંચમા માસ પૂર્ણ થતા પ્રિમોન્સુનની કામગીરીનું કાર્ય થઈ જતું હોય છે. જુન માસ આવ્યો. મોન્સુન દસ્તક થઈ ચુકી છે. તો પણ દે.બારીયા નગર પાલિકાનું તંત્ર ઘોરનિંદ્રામાં છે શું ? પ્રિમોન્સુન કામગીરી ખાલી કાગળો પર પૂર્ણ બતાવવાની છે. શું ? ચાલુ વર્ષે પ્રિમોન્સુનની કમાગીરી કરતા કોન્ટ્રાકટર પાસેથી ટકાવારીની ગેરંટી મળી નથી કે શું ? તેના કારણે મોન્સુનની કામગીરીમાં વીલંબ થઈ રહ્યો છે.

ભાજપનું શાસન એટલે વખાણની ખિચડી દાંતે વળગી તે ઉખાણું સહી સાબિત થઈ રહ્યું છે. નગર પાલિકાના તમામ કાર્યોમાં ટકાવારી બોલબાલા છે. રોડ હોય, પાણી–દિવાબત્તીના સામાન તમામ ખરીદી માટે ટેન્ડરોમાં વચલા દવલાની નીતિ થઈ રહી છે. પોતાના મળતિયા એજન્સીના ટેન્ડર પાસ કરી દેવાતા હોય છે. ટેન્ડર ખોલવાના સમયે તમામ ટેન્ડર આપનાર એજન્સી માલિકોને હાજર રાખવામાં કેમ આવતા નથી ? તે એક યક્ષ પ્રશ્ન છે. તમામ વિકાસના કાર્યોમાં કુલ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આમ જનતામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. જેથી વડોદરા ઝોનલના શહેરી વિકાસ બોર્ડન કમીશનર તપાસ કરશે ખરા કે પછી તેમને પણ કવર પહોંચતું થાય છે. તેથી તપાસ માટે ફુરસત નથી.

## ફતેપુરાના બલૈયા ગામ બસથી ઉતરતા મુસાફરના ખિસ્સામાંથી ચાર ઈસમોએ ૧૯ હજારની ચોરી કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના બલૈયા ગામે બસમાંથી નીચે ઉતરતી વેળાએ એક વ્યક્તિના ખિસ્સામાંથી ચાર જેટલા ઈસમોએ એકબીજાના મેળાપીપણમાં ખિસ્સામાંથી રોકડા રૂા.૧૯,૦૦૦ સેરવી લઈ ચોરી કરતાં આ સંબંધે ચારેય જણા વિરૂધ્ધ નામજોગ ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ફતેપુરા તાલુકાના ભોજેલા ગામે વરાચ ફળિયામાં રહેતાં પુંજાભાઈ ફતાભાઈ ડામોર ગત તા.૦૩મી જુનના રોજ સંતરામપુર સ્ટેટ બેંન્કના એટીએમમાંથી બે વાર રૂા.૯,૫૦૦ ઉપાડ્યાં હતાં. કુલ રૂા.૧૯,૦૦૦ લઈ એટીએમમાંથી બહાર નીકળ્યાં હતા અને ત્યાંથી તેઓ સંતરામપુર બસ સ્ટેશનમાંથી દાહોદ, લુણાવાડા બસમાં બેઠા હતા. આ દરમ્યાન ફતેપુરા તાલુકાના બલૈયા ગામે બસ ઉભી રહી હતી અને પુંજાભાઈ બસમાંથી નીચે ઉતરતાં હતા. તે સમયે નીલેશભાઈ મુકેશભાઈ સાંસી, મોન્ટીભાઈ નવિનભાઈ સાંસી, સત્યપ્રકાશ હરીકિશન સાંસી અને શ્યામલાલ વિનોદભાઈ સાંસી (ચારેય રહે. ભીલવાડા, તળાવ ફવિયું,દાહોદ) નાઓએ પુંજાભાઈને કહેલ કે, તમારી થેલી નીચે પડી ગયેલ છે તેમ કહી પુંજાભાઈની નજર ચુંકવી તેઓના ખિસ્સામાંથી રોકડા રૂા.૧૯,૦૦૦ છળ, કપટ સેરવી લઈ ચોરી કરી હતી.

આ સંબંધે પુંજાભાઈ ફતાભાઈ ડામોરે સુખસર પોલીસ મથકે ઉપરોકત ચારેય ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીના કરંબાની સગીર યુવતિને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરંબા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

કરંબા ગામે ગામતળ ફળિયામાં રહેતો વિજયભાઈ નટુભાઈ કલારાએ ગત તા.૦૭મી મેના રોજ સંજેલી તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ કરંબા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાવા વાલી વારસ દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં આવેલો છે ૮૧૫.૩૭ ચો.કિ.મી.નો વનવિસ્તાર, રાજયમાં દિપડાની વસ્તીની દ્રષ્ટીએ દાહોદ બીજા ક્રમે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દાહોદ જિલ્લાની અમૂલ્ય સંપદા સમાન તેના વનવિસ્તારનો પરિચય મેળવીએ. સાથે જંગલ વિસ્તારની જાળવણી અને વૃદ્ધિ કરતાં વનવિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની માહિતી પણ મેળવીએ. દાહોદ જિલ્લાના નવેનવ તાલુકા જંગલ વિસ્તાર ધરાવે છે. કુલ ૮૧૫.૩૭ ચો.કિ.મી.નો જંગલ વિસ્તાર છે. જે બારીયા વન વિભાગ અંતર્ગત આવે છે.

તાલુકા પ્રમાણે જોઈએ તો દેવગઢ બારીયા સૌથી વધુ વનવિસ્તાર ધરાવે છે, દેવગઢ બારીયામાં કુલ ૧૪૪.૮૬ ચો.કિ.મી. વિસ્તાર જયારે ધાનપુરમાં ૧૨૭.૭૭ ચો.કિ.મી., દાહોદમાં ૧૨૩.૬૪ ચો.કિ.મી., ઝાલોદમાં ૯૪.૬૪ ચો.કિ.મી., ફતેપુરામાં ૪૦.૬૬ ચો.કિ.મી. સંજેલીમાં ૬૧ ચો.કિ.મી., લીમખેડામાં ૧૦૮.૭૪ ચો.કિ.મી. વિસ્તાર, આ ઉપરાંત ગરબાડા અને લીમખેડા સહિત કુલ ૧૩ રેન્જ અહીં આવેલી છે.

છેલ્લા બે વર્ષમાં ૨૭૦૨ હેક્ટરમાં ૧૯.૮૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વર્ષે જિલ્લાની ૧૩ નર્સરીમાં ૧૭.૧૨ લાખ રોપા ઉછેરવામાં આવ્યા છે. આ રોપાઓનું ૧૭૯૧ હેકટર જંગલભાગમાં વાવેતર કરી ગાઢ જંગલ ઉભુ કરવામાં આવશે.

નાયબ વનસંરક્ષક આર.એમ. પરમાર જણાવે છે કે, ગયા વર્ષમાં ૩૦.૩૩ લાખ કિ.ગ્રામ ઘાસનું ઉત્પાદન થયું હતું. અત્યારે બારીયા વન વિભાગ હસ્તકના ઘાસ ગોડાઉનમાં ૭૪.૩૩ લાખ ઘાસ સંગ્રહ કરવામાં આવ્યું છે. દાહોદમાં ગાઢ વનવિસ્તારમાં જંગલી પ્રાણીઓ પણ રહેતા હોય અવાર નવાર વન્યપ્રાણીઓ દ્વારા માનવહુમલા થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં આવા ૮૯ બનાવો બન્યા છે. તેમજ ૭ વ્યક્તિના મરણ પણ થયાં છે. મૃતકોના પરીજનોને ૪ લાખની રાજય સરકાર દ્વારા સહાય કરવામાં આવી હતી.

સમગ્ર રાજયમાં દિપડાની વસ્તીની દ્રષ્ટીએ દાહોદ જિલ્લો બીજા નંબરે છે અને અત્યારે તેમની વસ્તીમાં વધારો થયો છે. જેથી દેવગઢ બારીયા તાલુકામાં ઉચવાણ જંગલ સર્વે નં. ૬૫માં રેસ્ક્યુ કેર સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. સહભાગી વન વ્યવસ્થા હેઠળ ૨૮૯ મંડળી અંતર્ગત ૬૦૭૭૩ કુંટુંબોને આવરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૨૩૨ મંડળીઓને અધિકાર પત્ર આપી જંગલ વિસ્તારના ૩૯૨૩૯.૨૨ હેકટર વિસ્તાર સંરક્ષણ માટે આપેલો છે. તેમજ પેસા એક્ટ હેઠળ ૩૩૩૦ લાભાર્થીને ૨૨૬૬.૪૨ હેક્ટર જંગલ વિસ્તાર ફાળવવામાં આવેલો છે. આ મંડળીના ૪૨૨ સભ્યોને વિના મૂલ્યે વાંસ નંગ ૬૧૪૧૧ આપવામાં આવ્યા છે. જેની કિંમત રૂ. ૧૬ લાખ થાય છે.

દાહોદમાં ગત વર્ષે જંગલ વિસ્તારમાં ભૂમિ અને ભેજ સંરક્ષણ અંતર્ગત ૧૪૨ વનતલાવડી બનાવવામાં આવી છે. તેમજ ૧૪ ચેકવોલ અને પંચાવન પરકોલેશન ટેન્ક તૈયાર કરવામાં આવ્યા છે. જયારે સુઝલામ સુફલામ યોજના અંતર્ગત ૩૫ વનતલાવડી, પાંત્રીસ પરકોલેશન ટેંક બનાવવામાં આવ્યા છે. જયારે આ વર્ષે જંગલ વિસ્તારમાં ૭૫ ચેકડેમ, ૧૮ ચેકવોલ અને પાંત્રીસ પરકોલેશન ટેન્કનું આયોજન કરવામાં આવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 241

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલમાં પાનમ ડેમ દ્વારા કેનાલમાં

# જુન મહિનાના પહેલા સપ્તાહમાં પાણી ન છોડાતા ડાંગરના ઘરુની વાવણી કરતાં ખેડુતો ચિંતીત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાંથી પસાર થતી પાનમ કેનાલ અને હાઈલેવલ આવતું હોય છે. પાણી કેનાલમાં છોડવામાં આવતાં ચોમાસામાં ડાંગરની ખેતી કરતાં ખેડુતો ઘરુની વાવણી કરી દેતાં હોય છે. જેને લઈ સમયસર ચોમાસાની વરસાદ સાથે ડાંગરની રોપણી થઈ જતી હોય છે. ચાલુ વર્ષ પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પાનમ કેનાલ અને હાઈલેવલ કેનાલમાં પાણી છોડવામાં નહિ આવતાં ડાંગરની રોપણી કરતાં ખેડુતો ચિંતીત બન્યા છે.



પંચમહાલ જીલ્લામાંથી પસાર થતી પાનમ કેનાલ તેમજ પાનમ હાઈલેવલ કેનાલ સિંચાઈ વિસ્તારમાં આવતાં ખેડુતોને દર વર્ષે ૧ જુન થી ૫ જુન વચ્ચે પાણી છોડવામાં આવતું હોય છે. પાનમ કેનાલ અને હાઈ લેવલ કેનાલ માંથી પાણી છોડવામાં આવતાં ચોમાસામાં ડાંગરની રોપણી કરતા ખેડુતો પાણી છોડતાની સાથે ડાંગરના ઘરુની વાવણી કરી દેતા હોય છે પરંતુ ચાલુ વર્ષ પાનમ સિંચાઈ વિભાગ દ્વારા કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી. જેને લઈ ખેડુતો ડાંગરના ઘરુનું વાવેતર કરી શકયા નથી. ખેડુતો એ ઘરુની વાવણી માટે જમીન તૈયાર કરીને રાખી છે. પરંતુ કેનાલમાં પાણી છોડવામાં નહિ આવતાં ખેડુતો ચિંતીત બન્યા છે. ૧ જુન થી ૫ જુન સુધી પાણીની સગવડ મળી જાય તો ચોમાસાના વરસાદ સાથે સમયસર ડાંગરની રોપણી થઈ જાય છે. અને ખેડુતોને ચોમાસાના વરસાદ સાથે ડાંગરના પાક તૈયાર થઈ જતો હોય છે. ચાલુ વર્ષ પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પાનમ કેનાલ અને હાઈલેવલ કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી. પરિણામે ડાંગરનું ઘરુ સમયસર તૈયાર નહિ થતાં ડાંગરની રોપણીમાં મોડું થાય તેમ છે. ત્યારે હજી પણ પાનમ સિંચાઈ વિભાગ દ્વારા કેનાલમાં પાણી છોડવામાં આવે તો ચોમાસું ડાંગરની ખેતી કરતાં ખેડુતોના ઘરુની વાવણી કરી શકે તેમ છે. તેવી રજુઆત કરાઈ છે.

### સમયસર ડાંગરના ઘરુ તૈયાર થાય તો ચોમાસાની સીઝનમાં ડાંગરની રોપણી કરી શકાય

### પાનમ કેનાલ અને હાઈલેવલ કેનાલમાં પાણી છોડવા ખેડુતોની માંગ

દર વર્ષે ૧ જુન થી ૫ જુન વચ્ચે પાનમ કેનાલ અને હાઈલેવલ કેનાલમાં પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં આવે છે. જેને લઈ ડાંગરની ખેતી કરતાં ખેડુતોને ઘરુની વાવણી સમયસર થઈ જતી હોય છે અને ચોમાસાના વરસાદ સાથે ડાંગરની રોપણી પણ થઈ જાય છે. પરંતુ ચાલુ વર્ષ પાનમ કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી. જેને લઈ ડાંગરના ઘરુની વાવણી કરતાં ખેડુતો ચિંતીત બન્યા છે.

રાજુ સુખીચાપુરી, APMC ચેરમેન.

## કાલોલ તાલુકાના વેજલપુર થી ચલાલીને જોડતો માર્ગ ખખડધજ બનતા વાહન ચાલકો અને ગ્રામજનો પરેશાન

કલોલ,

કાલોલ તાલુકા નાં વેજલપુર થી ચલાલી ગામને જોડતો રસ્તો ખખડધજ બનતા વાહન ચાલકો અને ગ્રામજનો પરેશાન થઇ રહ્યા છે. ત્યારે ગ્રામજનો સાથે વાત કરતા એવું પણ જાણવા મળ્યું છે કે, વેહલી તકે નવીન રસ્તાની કામગીરી નહિ કરાય તો મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીને પણ આવેદન પત્ર આપીશું અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું તેવું ગ્રામજનો દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ટૂંક જ સમયમાં પંચમહાલ જિલ્લામાં લાગતા વળગતા અધિકારીઓને આવેદન પાત્ર આપીશું તેવી ગ્રામલોકો એ ચીમકી ઉચ્ચારી છે.

ચલાલીને જોડતો રસ્તો બન્યાને થોડાક જ સમયમાં તૂટી ગયો હતો. તે પણ કેટલાક ન્યુઝ પેપરોમાં સમાચાર ચાલ્યા હતા.

વેજલપુર થી ચલાલી જોડતો રસ્તો કરોડો રૂપિયાના ખર્ચે બનેલો હતો. પણ હાલ ખખડધજ સ્થિતિ રસ્તાની થઈ ચુકી છે. ત્યારે માર્ગનું વહેલી તકે નવીનીકરણ કરવામાં આવે તેવી વાહન ચાલકો ને ચલાલી ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

વેજલપુર ગામેથી ચલાલી ગામ ને જોડતો રસ્તો બિસ્માર, રસ્તા ઉપર મોટા મેન્ટલ, રસ્તા ઉપર પડેલા ખાડા હોવાના કારણે વાહન ચાલક તેમજ રાહદારીઓ ને ગંભીર મુશ્કેલીઓ વેઠવી પડે છે. અવાર નવાર અકસ્માતો પણ થઈ રહ્યા છે.

રોડ ઉપર લાગેલો ડમ્મર ક્યાંય દેખાતો નથી. રસ્તા ઉપર રેતી અને માટી ના એક એક ફૂટના થર બાજી ગયા છે. તેના કારણે બાઈક ચલાકો ની બાઈક સ્લીપ ખાય જાય છે. હાલ લોકો બહુ ગંભીર બીમારી થી પ્રસાર થઈ રહ્યા છે અને એક્સિડન્ટો પણ થઈ રહ્યા છે અને પ્રસૃતિ માટે પણ લોકોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાઓનો



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

લાભ લેવામાં ફાફા પડી જાય છે. કારણકે રસ્તાઓની પરિસ્થિતિ ખરાબ થઈ ચૂકી છે અને રસ્તા ઉપર વાહન ચાલક ને ઘણી બધી મુશ્કેલીઓ વેઠવી પડે છે અને ચલાલી પહોંચવામાં વધારે સમય લાગી જાય છે. તેના કારણે એમ્બ્યુલન્સનો લાભ લેતા ગામલોકો વંચિત રહી જાય છે. ત્યારે બહુ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેવું ગ્રામલોકો દ્વારા જાણવા મળ્યું છે.

ચલાલી ગ્રામજનો આક્ષેપ

ચલાલી ગામના લોકોને માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. નેતાઓ માત્ર ચૂંટણીઓમાં પ્રચાર કરવા માટે આવે છે પછી કોઈ આવતું નથી. વેજલપુર થી ચલાલી ગામ સુધી જોડતો રસ્તો વહેલી તકે નવીનીકરણ કરવામાં આવે તેવી વાહન ચાલકો અને ગ્રમલોકોની માંગ ઉઠવા પામી છે.

## કોરોના સેવાયજ્ઞ હેઠળ રાજભવન દ્વારા જિલ્લાના કોરોના વોરિયર્સને ૧૦,૦૦૦ રાશન કીટની સહાય



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

કોરોના મહામારી સમયે દિવસ-રાત સેવા બજાવતા કોરોના વોરિયર્સનાલાભાર્થે ગોધરાના અભરામ પટેલના મુવાડા ખાતેથી રાશન અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની ૧૦,૦૦૦ કીટના જથ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને જિલ્લા વિકાસ અધિકારી એ.બી. રાઠોડે પ્રસ્થાન કરાવ્યું હતું. ૧૪થી વધુ ટ્રકોમાં આ જથ્થો દરેક તાલુકા મથકે પહોંચાડી માનદ વેતન, અંશકાલીન વેતન મેળવતા કે આઉટસોર્સિંગ પર ફરજ બજાવતા કોરોના વોરિયર્સ કર્મચારીઓને વિતરીત કરાશે. ૧૪૦૦ આશાવર્કરો, નગરપાલિકાના ૮૫૦ સફાઈ કર્મચારીઓ, ૨૦૦૦ જેટલા આરોગ્ય કર્મીઓ, ૧૮૦૦ જેવા હોમગાર્ડ, ટીઆરબી અને જીઆરડી જવાનો સહિત જરૂરતમંદ ૧૦,૦૦૦ જેટલા કર્મચારીઓને વિતરણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવા અનસ્ટોપેબલના સહયોગથી ગુજરાત રાજભવન દ્વારા શરૂ કરાયેલા ''કોરોના સેવાયજ્ઞ'' અંતર્ગત એક લાખ પાયાના કોરોના વોરિયર્સને રાશન અને જીવનજરૂરી ચીજવસ્તુઓની કીટ પહોંચાડવાનું જન અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના ત્રીજા ચરણ અંતર્ગત પંચમહાલના કોરોના કર્મીઓ માટે ૧૦,૦૦૦ કીટનો જથ્થો ફાળવવામાં આવ્યો છે. રાજ્યપાલએ શરૂ કરેલા ''કોરોના સેવાયજ્ઞ''ને ઉમદા અભિયાન તરીકે પ્રશંસા કરતા ધારાસભ્ય સી.કે.રાઉલજીએ જણાવ્યું હતું કે, દિવસ-રાત દર્દીઓની સેવા કરતા કોરોના વોરિયર્સને ઈશ્વરે સેવાનો અવસર આપ્યો છે. ત્યારે સરકાર અને સમાજ પણ તેમની કાળજી રાખવામાં પાછા નહીં પડે તેવો ભાવ અને દિશા આ અભિયાનની છે. દરેક કીટમાં ૧૪ કિલો રાશન કે જેમાં ૫ કિલો લોટ, ૫ કિલો ચોખા, ૨ કિલો ચણા દાળ, ૫૦૦ ગ્રામ ઈમ્યુનિટી બૂસ્ટર તેમજ હળવો નાસ્તો સામેલ છે. આ ઉપરાંત ૨ કિલો ખાદ્ય તેલ પણ આપવામાં આવશે. આ પ્રસંગે ગોધરા પ્રાંત અધિકારી એન.બી. રાજપૂત, ગોધરા મામલતદાર વિજય આંટિયા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં ૧૮ થી ૪૪ વયજૂથના યુવાનો માટે રસીકરણનો પ્રારંભ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

રાજ્યમાં કોરોનાને ઝડપથી નિયંત્રણમાં લાવવાના ઉદેશ્યથી અને વધુને વધુ લોકોને કોરોનાથી રક્ષણ મળી રહે તે માટે આજથી રાજ્યના તમામ જિલ્લા-તાલુકામાં ૧૮ થી ૪૪ વર્ષની વયના લોકોને કોરોના વેક્સિનેશન વિનામૂલ્યે આપવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ આજે આ વયજૂથના નાગરિકોને વિનામૂલ્યે રસી આપવાના અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જિલ્લાના ૧૮૫૬થી વધુ યુવા નાગરિકોએ ઉત્સાહપૂર્વક આ રસીકરણનો અભિયાનનો પ્રથમ દિવસે લાભ મેળવ્યો હતો. ૧૮ થી ૪૪ વયજૂથ માટે જિલ્લામાં ઘોઘંબામાં ૫, ગોધરામાં ૦૭, હાલોલમાં ૦૪, જાંબુઘોડામાં ૦૨, કાલોલમાં ૦૩, મોરવા હડફમાં ૦૨ અને શહેરામાં ૦૨ મળી કુલ ૨૫ સેશન સાઈટ પર રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના પર કુલ ૧૯૫૬ યુવાનોએ રસીનો લાભ લીધો હતો. આ અંગે વધુ માહિતી આપતા માહિતી આપતા ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી બી.કે. પટેલે જણાવ્યું હતું કે જિલ્લામાં આ વયજૂથમાં આવતા કુલ ૮.૬૧ લાખ યુવા નાગરિકોને રસીકરણથી આવરી લેવાની શરૂઆત કરવામાં આવી છે. ૧૮ થી ૪૪ની વયજૂથના યુવાનો જેમણે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલું હશે તેમને જ્ખજ દ્વારા તેમના વેક્સિનેશન માટેનું સ્થળ, સમય અને સ્લોટની જાણ કરવામાં આવશે. તે અનુસાર તેમણે નિયત કરેલા કેન્દ્રો પર જવાનું રહેશે. ત્યાં તેમને વેક્સિન વિનામૂલ્યે અપાશે. દરેક કેંદ્ર પર ૨૦૦ લોકોનું રસીકરણ થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જિલ્લા આરોગ્ય અધિકારી એ વધુમાં જણાવ્યું હતું કે તમામ સેન્ટરો પર રવિવારના દિવસે પણ રસીકરણની કામગીરી ચાલુ રહેશે ત્યારે યુવાનો વધુને વધુ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને રસી લઈને આ મહામારીને હરાવવામાં સહભાગી બને તેવી એક અપીલ તેમણે કરી હતી. ઘોઘંબામાં ૧૩૫, ગોધરામાં ૫૬૮, હાલોલમાં ૩૬૧, કાલોલમાં ૩૯૩, મોરવા હડફમાં ૨૧૧, શહેરા અને જાંબુઘોડામાં ૯૪-૯૪ યુવાનોએ રસીકરણનો લાભ લીધો હતો. આ ઉપરાંત, આજે ૪૫ વર્ષથી વધુ વયના કુલ ૫૨૯ લોકોને રસી આપવામાં આવી હતી.



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે વેક્સીનેશન માટે સવારે ૮ વાગ્યા થી લોકોની લાંબી ક્તારો લાગી હતી. મોટી સંખ્યામાં વેક્સીનેશન માટે લોકો એક સાથે ભેગા થતાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડયા હતા. તેમાં પણ રેફરલ હોસ્પિટલમાં રસીકરણ કેન્દ્ર નજીક કોરોના વોર્ડ હોવાને લઈ સંક્રમણ ફેલાવાની શક્યતાઓ નકારી શકાય નહિ. રેફરલ હોસ્પિટલમાં વેક્સીનેશન માટે લોકો ક્તાર લગાવી પણ હોસ્પિટલમાં વેક્સીનનો જથ્થો નહિ પહોંચતા અવસ્થા સર્જાઈ હતી.

### ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે મૂંઝવણ અનુભવતા કે સ્માર્ટફોન/ઈન્ટરનેટ ન ધરાવતા લોકોને વીસીઈ મદદ કરશે

રસીકરણ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને સ્લોટ મેળવવો ફરજિયાત છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ પ્રક્રિયાથી મૂંઝવણ અનુભવતા નાગરિકો કે સ્માર્ટફોન/ઈન્ટનેટ ન ધરાવતા નાગરિકોને જે-તે ગામના વીસીઈ મદદરૂપ બનશે. ગ્રામ્ય વિસ્તારોના વીસીઈ, ટીએલઈ અને ડીએલઈને માટે આ અંગેની એક તાલીમ બીઆરજીએફ ભવન, ગોધરા ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓએ તેમને માર્ગદર્શન આપ્યું હતું. આગામી તાલીમ તાલુકા કક્ષાએ યોજાશે અને જિલ્લાના તમામ વીસીઈને આ અંગે તાલીમ અપાશે જેથી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને રસીકરણ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવામાં કોઈ સમસ્યા ન નડે. આ ઉપરાંત, ટીડીઓ ઓફિસ, મામલતદાર ઓફિસ અને ટીએચઓ ઓફિસ ખાતે પણ હેલ્પ ડેસ્ક પ્રકારની સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. જેથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી સ્લોટ મેળવવામાં તકલીફ ન પડે. વેક્સિનેશનની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા પ્રતિ ૨ પીએચસી ક્લાસ-૦૧ અને ૦૨ કક્ષાના નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. જે સમગ્ર વેક્સિનેશનની કામગીરી પર નજર રાખશે.

## પંચમહાલ માધ્યમિક અને ઉચ્ચતરના વહીવટી કર્મચારીની કારોબારીમાં કોરોનામાં મૃત્યુ પામનાર કર્મચારીઓને શ્રધ્ધાંજલી અપાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘની ખાસ કારોબારી સભા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરા ખાતે મળી હતી. જેમાં ચાલુ નોકરીએ તેમજ નિવૃત્ત થયેલા કોરોનાની બીમારીમાં અવસાન પામેલા આચાર્ય, શિક્ષક, ક્લાર્ક અને સેવકોને શ્રદ્ધાંજલિ આપવા આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલને શાલ અને મોમેંટો આપી સન્માન કરવામાં આવ્યું. તેમજ તેઓની અધ્યક્ષતામાં વય નિવૃત થયેલ અરવિંદસિંહ પરમાર (પૂર્વ પ્રમુખ આચાર્ય સંઘ) અને અરવિંદભાઈ દરજી (પૂર્વ પ્રમુખ માધ્યમિક શિક્ષક સંઘ)નું સાલ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ કારોબારી મિટિંગ રાજ્ય સંઘના ઉપપ્રમુખ મુકેશરાજ સોલંકી સાહેબ અને વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ મહેશભાઈ વ્યાસના અધ્યક્ષ સ્થાને શરૂ કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે નટુભાઈ પટેલ પ્રમુખ તરીકે જયેશભાઇ પુરોહિત અને મહામંત્રી તરીકે આશિષભાઇ શાહ, અને ઉપાદયક્ષ તરીકે બકોરભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે ગુણવંત સિંહ સીસોદીયા, જયંતીભાઈ પટેલ, વિકાસભાઈ જયસ્વાલ, રજનસિંહ પટેલ, અતુલભાઈ શેઠ અને ખજાનચી તરીકે રાજુભાઈ જોષી તેમજ અન્ય હોદેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી અને તેઓનું વહીવટી સંઘ દ્વારા બૂકે આપી સન્માન કરવામાં આવ્યુ હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત આરીફભાઈ ઈસુબજી
મુ. કાલીયાવાડ, તા. ઘાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત સૈફુદ્દીન સાદીકભાઈ
મુ. માંડવ, તા. ઘાનપુર

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ટુંકી મુદતની જાહેર નિવિદા નં.-૩૦-સને-૨૦૨૦-૨૧

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા જિલ્લો-મહીસાગર-૩૮૯૨૩૦ દ્વારા નીચેના કામો માટે ટેન્ડર ઓફલાઈન માંગવામાં આવે છે.

(૧) કામનું નામ-એકશન પ્લાન ૨૦૨૦-૨૧ અન્વયે સરસડી જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ડીટવાસ ગામ નજીક રોડ વાઈડનીંગ થવાના કારણે પાઈપલાઈનનો પાથ બદલવાની કામગીરીની અંદાજીત કિંમત રૂા.૪.૮૭ લાખ
(૨) એજન્સીની પાત્રતા-રજીસ્ટ્રેશનની નકલ, જી.એસ.ટી.નંબર, પાન કાર્ડ, ઈન્કમટેક્ષ રીટર્ન-૧૯-૨૦, બેંક સોલ્વન્સીની નકલ ધરાવતાં હોવા જોઈએ.
(૩) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. ટેન્ડરો ભરીને રજી. પોસ્ટ દ્વારા તથા હાથોહાથ કચેરીમાં પરત સ્વીકારવાની છેલ્લી તા.૨૩/૦૬/૨૦૨૧ ના બપોર ૪.૦૦ કલાક સુધી છે. કામની વધુ વિગતો માટે ફોન નં.૦૨૬૭૪૨૫૧૫૮૦ અને મો. ૯૯૭૮૪૦૬૬૨૦ પર સંપર્ક સાંધવો. ટેન્ડરને મંજુર કે નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારી પાસે અબાદીત રાખેલ છે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની તકલીફ અંગે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પ લાઇન નં.''૧૯૧૬'' ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૧૭૦/૨૦૨૧